**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Nov. 2018, Year - 5 (67)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ596955**

# નિરંજન ભગતની કવિતામાં નાવિન્યસભર વિષય

**સંશોધક**
**ક્રિષ્ણાબેન કે. શાંડપા**
**આસીસ્ટન પ્રોફેસર**
**ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા**

રાજેન્દ્ર-નિરંજનના “છંદોલય' અને 'ધ્વનિ' કાવ્યસંગ્રહોથી ગુજરાતી સાહિત્યમાં નવાર કવિતાનો આરંભ થાય છે. અંતર્મુખી અને સૌન્દર્યરાગી વલણ ધરાવતા આ કવિમોમાં નિરંજન ભગતની કવિતામાં પરંપરા અને આધુનિકતાનું અનુસંધાન જોવા મળે છે. 'છંદોલય', 'કિન્નરી’, 'અલ્પવિરામ', 'પ્રવાલદ્વીપ', ‘૩૩ કાવ્યો’ અને અન્ય કેટલીક રચનાઓને પરંપરિત એવાં દષ્ટિકોણથી પ્રણય, પ્રકૃતિ અને આધ્યાત્મ ભાવસંવેદનોને વિષયને કાવ્યસ્થ કરતી હોવાથી પરંપરા સાથે જોડાયેલી છે.

આધુનિક ગુજરાતી કવિતામાં નિરંજન ભગતની કવિતા વિષયોની દષ્ટિએ વૈવિધ્યસભર જોવા મળે છે. કવિ નિરંજન ભગતની કવિતામાં સ્થળ-વિષયક અને પાત્ર વિષયક કવિતા ધ્યાનપાત્ર બની રહે છે. વિષયની દૃષ્ટિએ કવિ નિરંજન ભગતની કવિતાને તપાસીએ.

* **સ્થળ-વિષયક કવિતા** :

કવિ નિરંજન ભગતે મોટા ભાગે સ્થળ-વિષયક કવિતાઓ આપી છે. જેમાં ‘મુંબઈનગરી', ‘મ્યુઝિયમમાં', 'ઝૂમાં’, 'એરોડ્રામ પર', 'કાફેમાં', 'ફોકલેન્ડ રોડ', 'ફલોરા ફાઉન્ટન', 'ફાઉન્ટનના બસસ્ટોપ પર', 'હોર્બી રોડ’. વગેરે કાવ્યરચનાઓનો સમાવેશ થાય છે.

માણસ યંત્રોમાં ખોવાઈ ગયો. શહેરીકરણે પ્રશ્નો સર્જ્યાં. ગંદકી, હાલાકી, માનવ મૂલ્યોનો હ્રાસ, માત્ર પૈસાનું ગાંડપણ ને એમાં માનવતાનો લોપ, પ્રેમ વગેરેની નિર્જીવતા, દંભ બધાથી શહેર ખળભળી ઊઠ્યાં. સંવેદનશીલ કવિએ આ જોયું ને એ થરથરી ઊઠયો. શહેરને એ કુરૂપની કથા કહે છે. એમાં જીવતો માણસ તો જંતુ છે ને એની વ્યથાનો પાર નથી. માનવ એકલો પડી ગયો છે. જંતુનું મોત ને માનવનું મોત સમાન છે. માણસને માણસની પડી નથી. મૂલ્યો જેવું કશું બચ્યું નથી. વિજ્ઞાને ઈશ્વરને બાદ કરી દીધો ને શ્રદ્ધા ટકી રહે એવું કશું નવું તત્ત્વ કોઈએ સ્થાપી આપ્યું નથી. એટલે માણસ ઉન્મૂલીત થયો હોય એમ બહાવરો ને રઘવાયો બનીને જીવે છે. ખાસ કરીને શહેરમાં આમ બન્યું - મોટા શહેરોમાં ! આ વિશાળ ભૂમિકાના સંદર્ભમાં નિરંજન ભગતનું ‘મુંબઈનગરી’ કાવ્ય જોવા મળે છે.

મુંબઈનગરીનું વર્ણન કવિએ સુંદર રીતે કર્યું છે. આ નગરના બીજી અન્ય સ્થળને વિષય બનાવીને કવિએ કવિતા રચી આપી છે.

‘મ્યુઝિયમમાં’ નામક કાવ્યરચનામાં વનનો રાજા સિંહને મ્યુઝિયમમાં જોઈને કવિએ આધુનિક શૈલીમાં કાવ્યને સર્જી આપ્યું છે. નૈસર્ગિક જીવન જીવતા માણસમાં ઉત્સાહ, જોમ અને તાકાત ભરેલાં હોય



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-67-november-2018/RRJ596955

ISSN : 2321- 4708
Nov. 2018, Year - 5 (67)
Paper ID : RRJ596955

છે. જયારે કૃતક જીવનમાં માનવી નિવીર્થ અને ઉત્સાહવિહીન બની ગયેલો લાગે છે. કવિએ આ પ્રકારનો ગૂઢાર્થ ‘મ્યુઝિયમમાં’ સિંહ જોઈને અને તેના અતીતને યાદ કરીને વ્યક્ત કરી આપ્યો છે.

એકવેરિયમમાં' કાવ્યરચનાનું શીર્ષક જ કવિએ અંગ્રેજીમાં આપીને નાવીન્ય શૈલીનું દર્શન કરાવ્યું છે. નગરવાસીઓની નિરર્થક દોડને તથા કૃતક જીવનને પ્રતીકાત્મક રીતે ઉપસાવે છે. સરકસના ઘોડાની જેમ કે ઘાણીના બળદની જેમ નિરર્થક દોડતા અને કશું ન પામી શકતા નગરવાસીઓની દયનીય દશાને કવિએ માછલીના પ્રતીક દ્વારા વ્યંજિત

‘એરોડ્રામ પર' સ્થળવિષયક રચનામાં કવિએ 'એરોડ્રામ પર' વિહાર કરતા વિહંગ કરી છે. અને પ્રકૃતિનો સંદર્ભ લઈ આધુનિક જીવન જીવતો માનવને વ્યક્ત કર્યો છે. 'કાફેમાં’ રચનામાં કવિએ વ્યથા કોફીમાં નહીં પણ કપમાં હતી એમ કહીને સંવેદનાને વ્યક્ત કરી છે.

‘ફોકલેન્ડ રોડ' ચાર પંક્તિના કાવ્યમાં માનવની વ્યથા રજૂ થતી જોઈ શકાય છે. વોટા ક્ષાઉન્ટન' કાવ્યરચનામાં માનવને જંતુ સાથે સરખાવી માનવી વેધકતા આલેખી આપી છે. બ્રાઉન્ટનના બસસ્ટોપ પર' કાવ્યરચનામાં બસસ્ટોપ પર હારબંધ મનુષ્યો આવનજાવન કરે છે. સામસામે ચહેરા અથડાય છે. તેમ છતાં માનવ–માનવ વચ્ચે ઉરોમા માઈલોના અંતર જોવા મળે છે. ‘હોર્બી રોડ’ કાવ્યરચનામાં રોડનું વર્ણન કરતા કવિ કહે છે : "આસફાલ્ટ રોડ, સ્નિગ્ધ, સૌમ્યને સપાટ, કૈં ન ખોડ." – આ રોડ પર અનેક મનુષ્ય કામકાજ માટે સવારસાંજ દોટ મૂકે છે. પ્રેત જેવા હોવા છતાં સર્વમાં હજુય પ્રાણ જોવા મળે છે.

આમ, કવિ નિરંજન ભગત પાસેથી સ્થળ-વિષયક કાવ્યો જોવા મળે છે.

- **પાત્ર વિષયક કવિતા**:

કવિ નિરંજન ભગત પાસેથી ‘કવિ’, ‘ફેરિયો’, ‘આંધળો’, ‘ભિખારી’, ‘વેશ્યા’ અને “પાતિયો વગેરે પાત્ર-વિષયક રચનાઓ મળે છે. આ રચનાઓનું ઉદ્ભાવક અને પ્રભાવક પરિબળ રિલ્કેના કાવ્યસંગ્રહ 'Dus Buchdes Bilder'માં આવતી ભિખારી, આંધળો, અહીં નિરૂપાયેલાં પાત્રોનો પરિવેશ ભારતીય છે. અને તેથી તેની સમસ્યાઓ અને સંવેદનો કારથી, આવાતી, વિધવા, પતિયો, મૂખ, અનાથ અને ઠીંગુની ઉક્તિઓ ભલે હોય; પરંતુ પણ ભારતીય ભૂમિમાંથી ઊગેલાં છે. એટલું જ નહીં પરંતુ કવિની દૃષ્ટિ પણ નર્યા ભારતીય નગર વાસ્તવને તાકે છે. આ બધા પાત્રો બૌદ્ધિકો કે વિચારકોની જેમ સમપ્રજ્ઞ બનીને, સભાન બનીને પોતાની સ્થિતિ વિશે વિચારે છે. તેથી તેઓ વિશેષ વ્યથિત, પીડિત અને વેદનાગ્રસ્ત લાગે છે. પોતાના જીવન વિશે. જાત વિશે, પરિસ્થિતિ વિશે, સભાનપણે વિચારવું એક આધનિકતાનું વલણ છે, આધુનિક છે. અહીં નગર સમાજની ઘોર ઉપેક્ષાનો ભોગ બનેલાં આ બધાં પાત્રો તેમની વ્યથા પીડા વચ્ચે પણ અન્ય લોકોની સહાનુભૂતિની અપેક્ષા રાખે છે. સમાજસેવકો અને સધારકો લખ્ખાં ભાષણો આપે છે. આવા લોકોને કવિ કહે છે બસ ચૂપ રહો. નહીં તો અહીંથી ચાલવા માંડો?’- દીનતા, દારિદ્ર પર લાખો ભાષણો આપવાથી આ પરિસ્થિતિ ઉકેલાશે નહીં એ સ્પષ્ટ સમાજ કવિની સામાજિક સભાનતાને સૂચવી જાય છે.

'ફેરિયો' કાવ્યમાં ફેરિયાની વેદના વ્યક્ત થઈ છે. '"જો કે મને સૌ ફેરિયો કહે છે છતાં ફરતો નથી, / પણ એમ તો મારું નસીબે કયાં ફરે છે?'" "વેદના ફેરિયાની એવી છે કે ફેરિયો હોવા છતાં ફરતો નથી. એકને એક જગ્યાએ ભીંતને અઢેલીને સાત વર્ષથી એકપણ દિવસ ચૂક્યા વિના ઊભો રહ્યો છે. જીવનની એકવિધતાથી કંટાળી ગયેલા ફેરિયાને વરસે દહાડે ચૂનાથી રંગાતી ચમકતી ભીંતના જીવનમાં આવતું પરિવર્તન અને દર વરસે વસંતમાં ફૂલતાં વૃક્ષોનાં ભર્યાભાદર્યાપણાની ઈર્ષા આવે છે. 'અચેતન જડ એવી ભીંત અને વૃક્ષોમાં પણ પરિવર્તન આવે છે; વ્યથા એ કે ફેરિયાની કે મારા નસીબમાં કોઈ બદલાવ આવતો નથી. એવી ફેરિયાની આંતરવેદના વ્યક્ત થતી જોઈ શકાય છે. આમ, ફેરિયો કાવ્યમાં અંતમાં નગરવાસીના પ્રતિનિધિ તરીકે ફેરિયો અહીં નિરૂપાયો છે.

'આંધળો' રચનામાં આંધળાની જુદા પ્રકારની સમસ્યા રજૂ થઈ છે. સ્વર્ગરૂપી સાંભળેલી માનવલોકની બેહદ પ્રશંસાથી પ્રેરાઈને માનવલોકમાં આવવાની ઉતાવળમાં પોતાની આંખની કીકીઓ લેતા ભૂલી ગયેલો છે. એવી કવિની સુંદર કલ્પનાનું વર્ણન થયેલું જોવા મળે છે. આમ, સામ્પ્રત માનવજગત નહીં વાસ્તવિકતાઓને કાવ્યાત્મક રીતે વ્યંજિત કરે છે.

'ભિખારી'ની ઉક્તિઓ પણ માનવ-માનવ વચ્ચેના અને માનવ અને ઈશ્વર વચ્ચેના સંબંધોમાં આવેલ પરિવર્તનને ધ્વનિત કરતી હોવાથી આધુનિક છે. ભિખારીની સમ્પ્રજ્ઞતા સભાનતા જ તેની વ્યથાનું કારણ બને છે. ઈશ્વર પ્રત્યેનો આક્રોશ અને ઊn ગયેલી શ્રદ્ધા, ભિખારીની પોતાની પરિસ્થિતિ પ્રત્યેની જાગૃતિ અને તેને કારણે તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નો-વગેરે નૂતન આધુનિક સમ્પ્રજ્ઞતાનું પરિણામ છે.

'વેશ્યા'નું પાત્ર પણ કવિએ નિરૂપ્યું છે. સ્ત્રીની આ દુર્દશા અને લાચારી તેની સાથેનો વ્યવહાર ક્ષણજીવી અને વાસનામૂલક જ હોય છે. તેમાં કયાંય લાગણીને સ્થાન હોતું નથી. - કોઈ તેની સાથે ભાવનાત્મક સંબંધે જોડાતું નથી. ક્ષણભરની મઝા લૂંટીને તેને ભૂલી જાય છે. ગણિકા પોતાની વેદના વ્યક્ત કરતાં કહે છે કે હું હતી તો ભવોભવ સ્ત્રી તો કાંઈક ભવમાં સતી હતી. જયારે આજે આજ 'સ્ત્રી' વેશ્યાનાં રૂપે છે. આ વેશ્યાઓને કારણે સભ્ય ગણાતા સમાજ અને કુટુમ્બ વ્યવસ્થા બરાબર સુરક્ષિત રહે છે. આ સુરક્ષિતા પાછળ કેટલીય વેશ્યાઓને કેટલુંય સહન કરવું પડે છે તે આ સભ્ય સમાજ વિચારતા નથી તેવી સામાજિક સભાનતા કવિની વેશ્યાઓની સમસ્યા પ્રત્યેની કૂણી લાગણી વ્યંજિત કરે છે.

'પતિયો' સભ્ય સમાજના લોકોથી તિરસ્કૃત છે એવું સ્પષ્ટપણે અનુભવે છે. ત્યારે તેની વ્યથા બેવડાઈ છે. લોકો જેમ એંઠને ઓળંગતા નથી એ જ રીતે એ લોકો પોતાની સામે જોતા નથી. પોતાને થયેલા રોગથી ભાગતા લોકો જેમ મોતની દિશા ગણાયેલી છે એવી દક્ષિણા દિશા પ્રતિ જોતા નથી તેમ તેની સામે જોતા નથી. પોતાનો એક પણ શબ્દ સાંભળવા પણ તૈયાર નથી. શું પોતાની વાણી આસપાસ રોગનાં જંતુઓ વીંટળાઈ ગયાં હશે. એથી લોકો પોતાની ધૃણા કરતા ભાંગતાં હશે ? એવો પ્રશ્ન મનોમન કરતો પતિયો સભ્ય ગણાતા અને પોતાને તિરસ્કૃત ભાવે જોતા લોકો પ્રત્યે કટાક્ષ કર્યો છે. પતિયાને વિશ્વાસ

ISSN : 2321- 4708
Nov. 2018, Year - 5 (67)
Paper ID : RRJ596955

છે કે એમ કંઈ મોત પર કોઈનો અધિકાર નથી અને હવા કોઈનીય વાત ધ્યાનમાં લેતી નથી. તેથી આ લોકો લાચાર છે. પોતે હઠીલી હવાને કારણે જીવી રહ્યો છે અને હવા કોરાઈ ગયેલી કાયાને મજબૂત બખિયા મારી રહી છે. આમ, અહીં પતિયો અને નગરસમાજના સભ્ય ગણાતા લોકોના વ્યવહારનું યર્થાથ ચિત્ર પતિયાની ઉક્તિમાંથી ઊપસી આવે છે.

આ 'પાત્રો' કાવ્યગુચ્છની અંતિમ રચના 'સ્વગતોક્તિ'માં આંધળો પતિયો, વેશ્યા, ભિખારી, ફેરિયો- એકબીજાને પોતાનાથી વિશેષ સુખી ગણીને એકબીજાને ઈર્ષ્યા કરે છે. કાવ્યગુચ્છની પ્રથમ કવિતાનો આરંભ થયો હતો તે જ પંક્તિનું પુનરાવર્તન કાવ્યગુચ્છની અંતિમ રચનાના અંત થાય છે.
આમ, કવિ નિરંજન ભગતની કવિતા વિષયની દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી જેવા મળે છે.

•••••••••••••

સંદર્ભસૂચિ

1. છંદોલય - લે.નિરંજન ભગત, વોર એન્ડ કમ્પની, અમદાવાદ-1, દ્વિ.આ-૧૯૭૪
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - રમેશ ત્રિવેદી, આદર્શ પ્રકાશન, અમદાવાદ ૩૮૦ ૦૦૧, ચોથી આ.૨૦૦૬



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-67-november-2018/RRJ596955